ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૨૭/૦૬/૨૦૧૮

**કોંગ્રેસના પૂર્વ કેન્દ્રીય મંત્રી સૈફૂદ્દિન સોઝ દ્વારા કરવામાં આવેલ સરદાર વલ્લભભાઇ પટેલ વિશે પાયાવિહોણા-જુઠ્ઠા નિવેદનો બદલ કોંગ્રેસ અને રાહુલ ગાંધી ગુજરાત અને દેશની જનતાની માફી માંગે – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**આ એ જ ગુજરાત વિરોધી સૈફૂદ્દિન સોઝ છે કે જેમણે નર્મદા બંધની ઉંચાઇ વધારવા માટેની બેઠકમાં તેનો વિરોધ કરીને તેની વિરૂધ્ધમાં મત આપ્યો હતો. – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**અખંડ ભારતના શિલ્પી એવા શ્રી સરદાર સાહેબની વિરાટ પ્રતિભાને ખંડિત કરવા માટે કોંગ્રેસીઓ દ્વારા પ્રયાસ – શ્રી જીતુભાઇ વાઘાણી**

------------

**જવાહરલાલ નેહરૂના કાશ્મીર પ્રત્યેના વિશેષ પ્રેમને લીધે જ આ કાશ્મીર પ્રશ્ન ઉભો થયો છે.**

------------

**છાસવારે ટ્વીટરનો આશરો લઇને તથા અવારનવાર રાજકીય પંચાયતોના ઓઠા હેઠળ ગુજરાતમાં જાતિવાદ અને વર્ગવિગ્રહનું ઝેર ફેલાવનાર અને સરદાર સાહેબના નામનો દુરૂપયોગ કરનારાઓ આ મુદ્દે ક્યાં છુપાઇને બેઠા છે?**

------------

**સાંસદમાં સરદાર સાહેબનું તૈલચિત્ર ન મુકનાર તથા તેમને મૃત્યુના ૪૦-૪૦ વર્ષો સુધી ભારતરત્ન ન આપનાર કોંગ્રેસ તથા રાહુલ ગાંધીની માનસિકતાને ગુજરાતની જનતા સુપેરે ઓળખી ચૂકી છે.**

------------

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ હંમેશા સરદાર સાહેબના સ્વપ્નોને સાકાર કરવાના સંનિષ્ઠ પ્રયત્નો કરીને દેશ અને દુનિયા સમક્ષ આ વિશ્વ વિભૂતિને આગવી ઉંચાઇ બક્ષવાનો સદાય નમ્ર પ્રયાસ કરેલ છે.**

------------

**ભાજપા દ્વારા આજરોજ રાજ્યમાં ૦૬ મહાનગરોમાં દેખાવા-ધરણાના કાર્યક્રમો યોજાયા હતા.**

------------

**આવતીકાલે રાજ્યના ૩૩ જીલ્લાઓમાં વિરોધ પ્રદર્શન કાર્યક્રમો યોજાશે.**

------------

કોંગ્રેસના પૂર્વ કેન્દ્રીય મંત્રી એવા સૈફૂદ્દિન સોઝે પોતાના પુસ્તક વિમોચન વખતે દેશની આઝાદીના ઇતિહાસને તોડી મરોડીને રજુ કરી, અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલ વિશે પાયાવિહોણા-જુઠ્ઠા નિવેદનો કર્યા તેની સામે ગુજરાત પ્રદેશ ભાજપા દ્વારા આજરોજ એલીસબ્રીજ, કર્ણાવતી ખાતે પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીની ઉપસ્થિતિમાં વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




આજરોજ ભાજપા દ્વારા ૦૬ મહાનગરોમાં યોજાયેલ કોંગ્રેસ સામેના વિરોધ પ્રદર્શન વખતે શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, અખંડ ભારતના શિલ્પી અને લોહપુરૂષ શ્રી સરદાર સાહેબ પાકિસ્તાનને કાશ્મીર સોંપી દેવા માંગતા હતા તેવું પાયાવિહોણું નિવેદન કરીને કોંગ્રેસના પૂર્વ જળસંશાધન મંત્રી સૈફૂદ્દિન સોઝે સમગ્ર ગુજરાત અને દેશની જનતાનું અપમાન કર્યુ છે. ગુજરાતની જનતાની લાગણીનો પ્રતિઘોષ પાડતી ભાજપા સૈફૂદ્દિન સોઝ અને કોંગ્રેસની આ હરકત ક્યારેય સાંખી નહી લે. સરદાર સાહેબનું અપમાન કરનાર સૈફૂદ્દિન સોઝ અને રાહુલ ગાંધી ગુજરાત અને દેશની જનતાની માફી માંગે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, આ એ જ ગુજરાત વિરોધી સૈફૂદ્દિન સોઝ છે કે જેમણે નર્મદા બંધની ઉંચાઇ વધારવા માટેની બેઠકમાં તેનો વિરોધ કરીને તેની વિરૂધ્ધમાં મત આપ્યો હતો. તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ તેની સામે ૫૧ કલાકના ઉપવાસ કર્યા હતા. કોંગ્રેસના કહેવાતા નિવેદનબાજ નેતાઓ સૈફૂદ્દિન દ્વારા કરવામાં આવેલ સરદાર સાહેબના અપમાનનો શા માટે વિરોધ નથી કરી રહ્યા ? છાસવારે ટ્વીટરનો આશરો લઇને તથા અવારનવાર રાજકીય પંચાયતોના ઓઠા હેઠળ ગુજરાતમાં જાતિવાદ અને વર્ગવિગ્રહનું ઝેર ફેલાવનાર અને સરદાર સાહેબના નામનો દુરૂપયોગ કરનારાઓ આ મુદ્દે ક્યાં છુપાઇને બેઠા છે ? શા માટે એકપણ હરફ સુધ્ધા ઉચ્ચારેલ નથી તેનો ગુજરાતની જનતા જવાબ માંગે છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યુ હતુ કે, જવાહરલાલ નેહરૂના કાશ્મીર પ્રત્યેના વિશેષ પ્રેમને લીધે જ આ કાશ્મીર પ્રશ્ન ઉભો થયો છે. આઝાદી બાદ ભારતમાં સૌથી વધુ વર્ષો સુધી શાસનમાં રહેનાર કોંગ્રેસ સરકારની નિષ્ફળતા છુપાવવા માટે તેમજ અખંડ ભારતના શિલ્પી એવા શ્રી સરદાર સાહેબની વિરાટ પ્રતિભાને ખંડિત કરવા માટે કોંગ્રેસીઓ દ્વારા અવારનવાર પ્રયત્નો કરવામાં આવે છે. સરદાર સાહેબના જીવનકાળ દરમ્યાન તેમજ તેમના મૃત્યુ બાદ પણ તેમનું કોંગ્રેસ દ્વારા વારંવાર અપમાન કરવામાં આવ્યુ છે. સાંસદમાં સરદાર સાહેબનું તૈલચિત્ર ન મુકનાર તથા તેમને મૃત્યુના ૪૦-૪૦ વર્ષો સુધી ભારતરત્ન ન આપનાર કોંગ્રેસની તથા રાહુલ ગાંધીની માનસિકતાને ગુજરાતની જનતા સુપેરે ઓળખી ચૂકેલ છે. સરદાર સાહેબ અને ગુજરાતની જનતાનું ઘોર અપમાન કરનાર કોંગ્રેસ અને રાહુલ ગાંધી ગુજરાતની જનતાની માફી માંગે.

શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહના નેતૃત્વવાળી તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વવાળી ભાજપા સરકારે હંમેશા સરદાર સાહેબના સ્વપ્નોને સાકાર કરવાના સંનિષ્ઠ પ્રયત્નો કરીને દેશ અને દુનિયા સમક્ષ આ વિશ્વ વિભૂતિને આગવી ઉંચાઇ બક્ષવાનો સદાય નમ્ર પ્રયાસ કરેલ છે. ગુજરાતની જનતાના હદયસ્થ એવા સરદાર સાહેબનું કોંગ્રેસ દ્વારા ઉપરોક્ત સંદર્ભે કરવામાં આવેલ અપમાન કોઇપણ સંજોગોમાં ગુજરાતના લોકો અને ગુજરાત ભાજપા કદાપી સાંખી નહીં લે.

અહેમદ પટેલના ૨૦૧૯ની ચૂંટણી અંગેના નિવેદન અંગે પ્રતિક્રિયા આપતાં શ્રી વાઘાણીએ જણાવ્યુ હતુ કે, સોનીયા ગાંધીના રાજકીય સલાહકાર અહેમદ પટેલને મારે કહેવું છે કે, દેશની ચૂંટણી જીતવાની તો વાત જવા દો, પરંતુ ભરૂચ લોકસભા, વિધાનસભા કે ભરૂચ નગરપાલિકાની ચૂંટણી પણ જીતાડી શકવાની ક્ષમતા ન ધરાવનારાઓ દેશના લોકપ્રિય વડાપ્રધાન તેમજ વૈશ્વિક નેતાશ્રી નરેન્દ્રભાઇ મોદીને હરાવવાની વાતો કરે તે હાસ્યાસ્પદ છે. લોકકલ્યાણકારી નીતિઓ, પ્રજાભિમૂખ શાસન અને દેશની જનતાના આશીર્વાદથી ૨૦૧૯ લોકસભા ચૂંટણીઓમાં પણ પુનઃ ભાજપાનો ભવ્ય વિજય થશે અને શ્રી નરેન્દ્રભાઇ મોદી દેશની વિકાસયાત્રા આગળ વધારશે તે નિશ્ચિત છે.

આજના આ વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં પ્રદેશ ઉપાધ્યક્ષ અને કર્ણાવતી મહાનગરના પ્રભારીશ્રી આઇ.કે.જાડેજા, ઝોન મહામંત્રીશ્રી કે.સી.પટેલ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઇ ઝડફીયા સહિત સંસદસભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, મહાનગરના પદાધિકારીશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા. ઉપસ્થિત સૌ કાર્યકરોએ નીચે મુજબના નારાઓ દ્વારા આક્રોશ વ્યક્ત કર્યો હતો.

**સરદાર પટેલ કા યહ અપમાન, નહી સહેગા હિન્દુસ્તાન, માફી માંગો – માફી માંગો, રાહુલ ગાંધી માંફી માંગો, હાય રે સૈફુદ્દિન હાય હાય, હાય રે સૈફુદ્દિન હાય હાય**

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૨૭/૦૬/૨૦૧૮

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ "સંપર્ક ફોર સમર્થન" અંતર્ગત આજે ટોરેન્ટ ગ્રુપના ચેરમેન શ્રી સુધીરભાઈ મહેતા, ગુજરાત કેન્સર સોસાયટીના વાઈસ પ્રેસિડેન્ટ તથા પદ્મ અવોર્ડ વિજેતા એવા શ્રી ડૉ.પંકજભાઈ શાહ તથા ફાર્માસ્યુટિકલ કંપની Zydus Cadila ના એમ.ડી અને FICCI ના ચેરમેન શ્રી પંકજભાઈ પટેલ સાથે મુલાકાત કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની ૪ વર્ષની સિધ્ધિઓ અને સુશાસન અંગે વાત કરી**

---------------------

**ભાજપાના "સંપર્ક ફોર સમર્થન" કાર્યક્રમ અંતર્ગત રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ સહિત સમગ્ર દેશભરમાં ૪૦૦૦ આગેવાનો ઓછામાં ઓછા ૨૫ સામાજીક વિશેષ અગ્રણીઓને મળીને કેન્દ્ર સરકારની ૪ વર્ષની સિધ્ધિઓ વિશે ચર્ચા - વિમર્શ કરશે.**

---------------------

પ્રદેશ મીડિયા સેલની એક અખબારી યાદી જણાવે છે કે, આજરોજ પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ "સંપર્ક ફોર સમર્થન" અભિયાન અંતર્ગત આજે ટોરેન્ટ ગ્રુપના ચેરમેન શ્રી સુધીરભાઈ મહેતા, ગુજરાત કેન્સર સોસાયટીના વાઈસ પ્રેસિડેન્ટ તથા પદ્મ અવોર્ડ વિજેતા એવા શ્રી ડૉ.પંકજભાઈ શાહ તથા ફાર્માસ્યુટિકલ કંપની Zydus Cadilaના એમ.ડી અને FICCIના ચેરમેન શ્રી પંકજભાઈ પટેલ સાથે મુલાકાત કરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારની ૪ વર્ષની સિધ્ધિઓ અને સુશાસન અંગે વાત કરી હતી, ચર્ચા – વિમર્શ કર્યો હતો.

શ્રી વાઘાણીએ આ પ્રસંગે જણાવ્યુ હતુ કે, ભાજપાના "સંપર્ક ફોર સમર્થન" અભિયાન અંતર્ગત રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ સહિત સમગ્ર દેશભરમાં ભાજપાના ૪૦૦૦ આગેવાનો દ્વારા સમાજ જીવનમાં વિશિષ્ઠ સ્થાન ધરાવતા તેમજ જેમણે પોત પોતાના ક્ષેત્રોમાં વિશિષ્ઠ સિધ્ધિઓ હાંસલ કરી તેવા ઓછામાં ઓછા ૨૫ વિશિષ્ટ લોકોને રૂબરૂ મળીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વવાળી કેન્દ્ર સરકારના ૪ વર્ષના કાર્યો, યોજનાઓ, સિધ્ધિઓ, કાર્યપધ્ધતિ, ભવિષ્યની નવા ભારત વિશેની સંકલ્પના અંગે ચર્ચા-વિચારણા કરવાનું કાર્ય આ અભિયાનના માધ્યમથી હાથ ધરવામાં આવ્યુ છે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ